"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૧૦/૦૪/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સુરત, ગુજરાતમાંથી ૧૦મું હૃદય ૨૯૯ કિ. મી નું અંતર ૮૭ મીનીટમાં કાપીને**
**યુક્રેનની યુવતી નતાલીયા ઓમેલચુકમાં મુંબઈની મુલુંડ ફોર્ટિસ હોસ્પીટલમાં**
**ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું.**
**લેઉવા પટેલ સમાજના HDFC ERGO જનરલ ઇન્સ્યુરન્સ કંપનીમાં માર્કેટીંગ એક્ઝીક્યુટીવ તરીકે**
**ફરજ બજાવતા રવિ ઠાકરશીભાઈ દેવાણી બ્રેનડેડ થતાં દેવાણી પરિવારે તેમના યુવાન પુત્રના**
**હૃદય, કીડની, લિવર, પેન્ક્રીયાસ અને ચક્ષુઓનું દાન કરી**
**છ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

નામ : રવિ ઠાકરશીભાઈ દેવાણી ઉ. વ. ૨૨ બ્લડ ગ્રુપ: A+VE

વ્યવસાય :અમદાવાદમાં HDFC ERGO જનરલ ઇન્સ્યુરન્સ કંપનીમાં માર્કેટીંગ એક્ઝીક્યુટીવ તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી : ૨૭૫/૨૭૬, વિભાગ B, શ્યામનગર સોસાયટી, કામરેજ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: સાળવા, તા: ખાંભા, જી: અમરેલી.

કૌટુંબિક વિગત : પિતા : ઠાકરશીભાઈ બાલુભાઈ દેવાણી ઉ. વ. ૫૦

બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

માતા : લીલાબેન ઠાકરશીભાઈ દેવાણી ઉ. વ. ૪૭

ભાઈ : સતીશ ઠાકરશીભાઈ દેવાણી ઉ. વ. ૨૫

મોર્યા ફેશન ના નામથી ઈમીટેશન જ્વેલરી મેન્યુફેક્ચરીંગના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7632 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

ગુરૂવાર તા: ૦૬ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ બપોરે ૧:૩૦ થી ૨:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન રવિ અમદાવાદમાં CG રોડ ઉપર આવેલ HDFC ERGO જનરલ ઇન્સ્યુરન્સ કંપનીની ઓફીસથી જીવરાજ પાર્ક વિસ્તારમાં આવેલ એક મકાનમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો હતો ત્યાં જમવા માટે જતો હતો ત્યારે ધરણીધર, આમ્રપાલી એપાર્ટમેન્ટની બાજુમાં, શારદા મંદિરની પાસે, તેની બાઈક ગૌમાતા સાથે અકસ્માતે અથડાતા રવિ બાઈક ઉપરથી નીચે પડી ગયો હતો અને તેને માથામાં અને જમણા પગમાં ગંભીર ઈજાઓ થતાં બેભાન થઇ ગયો હતો. તેથી તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં અમદાવાદમાં આવેલ V.S હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે HOPE ન્યુરોકેર હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડૉ. મંથન પટેલ અને ડૉ. નવીન પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો. નિદાન માટે CT સ્કેન કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

ન્યુરોસર્જન ડૉ. મંથન પટેલે ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

રવિવાર ૯ એપ્રિલ, ૨૦૧૭ના રોજ રવિને અમદાવાદની HOPE ન્યુરોકેર હોસ્પિટલ માંથી સુરતમાં પરવત પાટિયા પાસે આવેલ યુનીટી હોસ્પિટલમાં સાંજે ૦૪:૦૦ કલાકે ડૉ. મહેશ સુતરીયાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો.

રવિવાર તા: ૦૯ એપ્રિલ, ૨૦૧૭ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકિયા, ન્યુરોસર્જન ડૉ. વિહાંગ સાલી અને ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મહેશ સુતરીયાએ રવિને બ્રેનડેડ જાહેર કર્યો.

ડૉ. સમીર ગામી અને ડૉ. મહેશ સુતરીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રવિના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી રવિના પિતાશ્રી ઠાકરશીભાઈ, ભાઈ સતીષ, પીતરાય ભાઈ જયસુખભાઈ, પ્રફુલભાઈ, પીન્ટુભાઈ , બનેવી જીગ્નેશભાઈ અને પરિવારના અન્યો સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યુ.

રવિના પિતાશ્રી ઠાકરશીભાઈ, ભાઈ સતીષ, પીતરાય ભાઈ જયસુખભાઈ, અને પરિવારના અન્ય સૌ સભ્યોએ જણાવ્યું કે અમારો દીકરો તો બ્રેનડેડ થઇ ચુક્યો છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે અને તેમના અંગો બળીને

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 DL 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



રાખ થઇ જાય તેના કરતા તેના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે અમો વારંવાર વર્તમાન પત્રોમાં ઓર્ગન ડોનેશનના સમાચારો વાંચતા હતા, તેથી આજે જયારે અમારા પરિવારમાં બ્રેનડેડનો કિસ્સો બન્યો છે, તો અંગદાન કરવું જોઈએ. વધુમાં તેઓએ લોકોને અપીલ પણ કરી હતી કે જયારે પણ કોઈ વ્યક્તિ બ્રેનડેડ થાય ત્યારે તેના અંગોનું દાન કરાવવું જોઈએ.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની, લિવર અને પ્રેન્કીઆસનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

જયારે હૃદયના દાન માટે અમદાવાદમાં આવેલ CIMS અને સ્ટેર્લીંગ હોસ્પીટલનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટેના દર્દી ન હોવાના કારણે મુંબઈની ZTCC નો સંપર્ક કરવામાં આવ્યો. મુંબઈમાં પણ A+ve બ્લડ ગ્રુપનો ભારતીય અને ટ્રાન્સપ્લાન્ટની ઈચ્છા ધરાવતો દર્દી ન હોવાને કારણે દિલ્હીમાં આવેલ નેશનલ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશનના (NOTTO) ડાયરેક્ટર ડો. વિમલ ભંડારી અને ડૉ. સુરેશ બધાનનો સંપર્ક કરવામાં આવ્યો. NOTTOએ દિલ્હી, ગુડગાંવ, તમિલનાડુ વિગેરે ROTTOનો સંપર્ક કર્યો, પરંતુ ત્યાં પણ A+ve બ્લડ ગ્રુપનો ભારતીય અને ટ્રાન્સપ્લાન્ટની ઈચ્છા ધરાવતો દર્દી ન હતા.

મુંબઈની ZTCCએ NOTTOનો સંપર્ક કરી જણાવ્યું કે NOTTOના વેઈટીંગ લીસ્ટમાં કે ભારતના જુદા જુદા ROTTOમાં કોઈ ભારતીય  દર્દી ન હોય તો ZTCCના વેઈટીંગ લીસ્ટમાં એક વિદેશી નાગરિક છે તેને હૃદય આપવામાં આવે. NOTTOએ ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, તમિલનાડુ દરેક જગ્યાએ સંપર્ક કર્યો પરંતુ A+ve બ્લડ ગ્રુપનો ભારતીય અને ટ્રાન્સપ્લાન્ટની ઈચ્છા ધરાવતો દર્દી ન હોવાને કારણે NOTTOએ મુંબઈની ZTCCના વેઈટીંગ લીસ્ટમાં રહેલા વિદેશી નાગરિકને હૃદય આપવા મંજુરી આપી.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કીડની, લિવર અને પ્રેન્કીઆસનું દાન સ્વીકાર્યું. જયારે હૃદયનું દાન મુંબઈની ફોર્ટિસ હોસ્પીટલના ડો. અનવય મુલે અને તેમની ટીમે આવી સ્વીકાર્યું, જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



દાનમાં મેળવવામાં આવેલું હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેનની રહેવાસી નતાલીયા ઓમેલચુક ઉ. વ. ૨૭માં ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ દ્વારા મુંબઈ મુલુન્ડ માં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની અને પેન્ક્રીઆસ ટ્રાન્સપ્લાન્ટ હાલમાં Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ચાલી રહ્યું છે. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી ઉમંગ બીમલભાઈ પટેલ ઉ. વ. ૩૧માં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રવિના પિતાશ્રી ઠાકરશીભાઈ, ભાઈ સતીષ, પીતરાય ભાઈ જયસુખભાઈ, પ્રફુલભાઈ, પીન્ટુભાઈ, બનેવી જીગ્નેશભાઈ તેમજ દેવાણી પરિવારના અન્યો સભ્યો, ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકિયા, ન્યુરોસર્જન ડૉ. વિહંગ સાલી, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મહેશ સુતરીયા, ડૉ. અમિત પટેલ, ડૉ. સમીર ગામી, યુનીટી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ, યોગેશ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૯૪ કિડની, ૭૩ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૦ હૃદય અને ૧૭૨ ચક્ષુઓનો દાન મેળવીને ૪૫૨ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

યુનીટી હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીનો સહકાર સાંપડ્યો હતો. તથા સુરત એરપોર્ટ ઓથોરીટીના ડાયરેક્ટર પ્રમોદ કુમાર ઠાકરેનો પણ સહકાર સાંપડ્યો હતો.

યુનીટી હોસ્પિટલથી મુંબઈ મુલુંડ ફોર્ટિસ હોસ્પિટલનું ૨૬૯ કિ. મી નું અંતર ૮૭ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેન ની રહેવાસી નતાલીયા ઓમેલચુક ઉ. વ. ૨૭માં ચીફ કાર્ડિયાક સર્જન ડો. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

૫...

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ભારતમાં ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૭ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ દશમો કિસ્સો છે. છેલ્લા ૧૭ મહિનામાં મુંબઈની મુલુંડ ફોર્ટિસ હોસ્પીટલમાં નવમું હૃદય સુરતથી મોકલવામાં આવ્યું છે. જયારે એક હૃદય ચેન્નાઈ મોકલવામાં આવ્યું હતું.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. સાંજે ૬:૫૯ કલાકે ડો. સમીર ગામી અને ડો. મહેશ સુતરીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રવિના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨. સાંજે ૭:૪૫ કલાકે ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોચી પરિવારના સભ્યો સાથે કાઉન્સીલીંગ શરૂ કર્યું.

૩. રાત્રે ૦૮:૦૬ કલાકે પરિવારની મંજુરી મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની સ્ટેલીંગ હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. તુષાર પટેલનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું

૪. સાંજે ૮:૨૧ કલાકે નિલેશ માંડલેવાલાએ IKDRC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની, લિવર અને પેન્ક્રીઆસનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૫. રાત્રે ૦૮:૨૧ કલાકે નિલેશ માંડલેવાલાએ અમદાવાદની CIMS હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. ધીરેન શાહનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૬. રાત્રે ૧૦:૨૭ કલાકે અમદાવાદની સ્ટેલીંગ અને CIMS હોસ્પીટલમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ ના દર્દી ન હોવાને કારણે મુંબઈની ZTCC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર ઉર્મિલાનો સંપર્ક કરી હૃદયના દાન માટે જણાવ્યું.

૦૭. રાત્રે ૧૦:૫૭ કલાકે મુંબઈમાં A+ve બ્લડ ગ્રુપનો ભારતીય અને ટ્રાન્સપ્લાન્ટની ઈચ્છા ધરાવતો દર્દી ન હોવાને કારણે NOTTOના ડાયરેક્ટર ડો. વિમલ ભંડારી અને ડો. સુરેશ બધાનનો સંપર્ક કરવામાં આવ્યો.

5...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૦૮. રાત્રે ૧૨:૫૫ કલાકે તામિલનાડુના નેશનલ નેટવર્ક ઓફ ઓર્ગન શેરીંગ કોઓડીનેટર ગોકુલે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો સંપર્ક કરી જણાવ્યું કે તમિલનાડુમાં A+ve બ્લડ ગ્રુપનો ભારતીય અને ટ્રાન્સપ્લાન્ટની ઈચ્છા ધરાવતો કોઈ દર્દી નથી.

૦૯. રાત્રે ૦૧:૦૦ કલાકે NOTTOના ડૉ. સુરેશ બધાને જણાવ્યું કે દેશની જુદી જુદી ROTTOમાં A+ve બ્લડ ગ્રુપનો ભારતીય અને ટ્રાન્સપ્લાન્ટની ઈચ્છા ધરાવતો દર્દી ન હોવાને કારણે ZTCC મુંબઈની રીક્વેસ્ટને ધ્યાનમાં રાખીને ZTCCના વેઈટીંગ લીસ્ટમાં રહેલા વિદેશી નાગરિકને હૃદય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૧૦. સવારે ૦૫:૧૫ કલાકે મુંબઈ મુલુંડની ફોર્ટિસ હોસ્પીટલથી ડૉ. અનવય મુલે અને તેમની ટીમ સુરત યુનીટી હોસ્પીટલ પોહચી.

૧૧. સવારે ૦૬:૪૫ કલાકે કેડેવર ઓર્ગન ડોનર રવિ ઠાકરશીભાઈ દેવાણીને ઓપરેશન થીએટરમાં શીફ્ટ કર્યા.

૧૨. સવારે ૦૭:૦૦ કલાકે આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નર ટ્રાફિક શ્રી ચોપરા અને શ્રી આર. એલ. માવાણી સાથે ગ્રીન કોરીડોર માટે ચર્ચા કરી.

૧૩. સવારે ૦૮:૫૦ કલાકે નિલેશ માંડલેવાલાએ ગુજરાતની ટ્રાન્સપ્લાન્ટ ઓથોરાઈઝેશન કમિટીના ચેરમેન ડૉ. પ્રભાકરનો સંપર્ક કરી મુંબઈની મુલુંડ ફોર્ટિસ હોસ્પીટલથી હૃદયનું દાન સ્વીકારવા ડોકટરોની ટીમ સુરત આવી છે તેની જાણકારી આપી.

૧૪. સવારે ૦૯:૩૦ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદય નું દાન સ્વીકારી યુનીટી હોસ્પીટલથી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૧૫. સવારે ૦૯:૫૧ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૧૬. સવારે ૧૦:૦૧ કલાકે સુરત એરપોર્ટ થી એર એમ્બ્યુલન્સમાં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયાં.

૧૭. સવારે ૧૦:૩૮ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.

૭...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



૧૮. સવારે ૧૦:૪૧ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુન્દ ફોર્ટીસ હોસ્પીટલ જવા રવાના થયા.

૧૯. સવારે ૧૦:૫૭ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમમુલુન્દ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીએટરમાં દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેનની રહેવાસી નતાલીયા ઓમેલચુક ઉ. વ. ૨૭માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા ફોર્ટીસ હોસ્પિટલ, મુલુન્ડ ખાતે કરવામાં આવ્યું છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961